ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે શાળાઓમાં નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધા યોજવા બાબત

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૨૧૫/૬૩૫૦૮૦/ક

સચિવાલય,ગાંધીનગર.

તા.૦૧/૦૯/૨૦૧૫

04 SEP 2015

વંચાણમાં લીધા -

(૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદની સીંગલ ફાઇલ

આમુખ :

રાજ્ય સરકારશ્રી દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ વર્ષ નિમિત્તે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે જે સંદર્ભે શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

પુખ્ત વિચારણાના અંતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે રાજ્યની તમામ ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે તેમજ આ સ્પર્ધાની સમગ્ર કામગીરી નીચે દર્શાવ્યા મુજબ કરવાની રહેશે.

સ્પર્ધાની કામગીરી

1) સમગ્ર કાર્યક્રમનું આયોજન ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદે કમીશ્નરશ્રી, શાળાઓની કચેરી અને નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણના સંકલનમાં રહી કરવાનું રહેશે.

2) રાજ્યમાં આવેલ તમામ સરકારી, ગ્રાંટ-ઇન-એઇડ અને સ્વનિર્ભર ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આ સ્પર્ધાઓનું આયોજન ફરજિયાત કરવાનું રહેશે.

૩) આ અંગે થનાર ખર્ચ નિયામકશ્રી, અનુ. જાતિ કલ્યાણ મારફત કરવાનો રહેશે.

<u>સ્પર્ધાનો હેતુ</u> :

(અ) ડૉ. બાબાસાહેબ આંબેડકરના સમાજ નવનિર્માણ માટેના પ્રયત્નોથી પરિચિત થાય.

(બ) ડૉ. બાબાસાહેબ આંબેડકરનું ભારતના બંધારણમાં પ્રદાન સમજે.

<u>સ્પર્ધાના વિષયો</u>

સ્પર્ધાના વિષયો તથા સ્પર્ધા માટેનો સમય જીસીઇઆરટી દ્વારા નકકી કરવામાં આવશે.

**નિબંધ સ્પર્ધા માટે નીચે મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે.**

a. બાળકો યોગ્ય રીતે નિબંધ લખી શકે અને **વિજેતા નિબંધ ક્રમિક સ્પર્ધા**માં આગળ વધવાનો હોઇ એ/૪ સાઇઝના એક સમાન કાગળનો ઉપયોગ કરવાની સૂચના દરેક તબક્કે આપવી.

b. **શાળા કક્ષાની સ્પર્ધા :** સર્વ પ્રથમ શાળા કક્ષાએ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે. **શાળા કક્ષાએ** પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના નિબંધને પસંદ કરવાના રહેશે અને તે પૈકી માત્ર ધોરણ ૬ થી ૮ કક્ષાએ પસંદગી પામેલ પ્રથમ ક્રમનો નિબંધ ક્લસ્ટર કક્ષાએ મોકલવાનો રહેશે જ્યારે ધોરણ ૯ થી ૧૦ તથા ધોરણ ૧૧ અને ૧૨ કક્ષાએ પસંદગી પામેલ પ્રથમ ક્રમનો નિબંધ ક્વોલીટી ડેવલપમેન્ટ સેલ (ક્યુ.ડી.સી.) કક્ષાની સ્પર્ધા માટે મોકલવાનો રહેશે.

c. **ક્લસ્ટર /** ક્વોલીટી ડેવલપમેન્ટ સેલ **(ક્યુ.ડી.સી.) કક્ષાની સ્પર્ધા :** ક્લસ્ટર / ક્યુ.ડી.સી. કક્ષાએ શાળાઓમાંથી આવેલ પ્રથમ ક્રમના નિબંધો પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના નિબંધને પસંદ કરવાના રહેશે અને તે પૈકી ધોરણ ૬ થી ૮ કક્ષાએ પસંદગી પામેલ પ્રથમ ક્રમનો નિબંધ તાલુકા કક્ષાએ મોકલવાનો રહેશે તથા ધોરણ ૯ થી ૧૦ તથા ધોરણ ૧૧ અને ૧૨ કક્ષાએ પસંદગી પામેલ પ્રથમ ક્રમનો નિબંધ શાળા વિકાસ સંકુલ (એસ.વી.એસ.) કક્ષાની સ્પર્ધા માટે મોકલવાનો રહેશે.

d. **તાલુકા / શાળા વિકાસ સંકુલ (એસ.વી.એસ.) કક્ષાની સ્પર્ધા :** તાલુકા કક્ષાએ ક્લસ્ટર /ક્યુ.ડી.સી.માંથી આવેલ પ્રથમ ક્રમના નિબંધો પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના નિબંધને પસંદ કરવાના રહેશે અને તે પૈકી ધોરણ ૬ થી ૮, ધોરણ ૯ થી ૧૦ તથા ધોરણ ૧૧ અને ૧૨ કક્ષાએ પસંદગી પામેલ પ્રથમ ક્રમનો નિબંધ જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે મોકલવાનો રહેશે.

e. **જિલ્લા કક્ષાની સ્પર્ધા :** જિલ્લા કક્ષાએ તાલુકા કક્ષા/એસ.વી.એસ.માંથી આવેલ પ્રથમ ક્રમના નિબંધો પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના નિબંધને પસંદ કરવાના રહેશે અને તે પૈકી ધોરણ ૬ થી ૮ અને ધોરણ ૯ થી ૧૦ તથા ધોરણ ૧૧ અને ૧૨ કક્ષાએ પસંદગી પામેલ પ્રથમ ક્રમનો નિબંધ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે મોકલવાનો રહેશે.

f. **રાજ્ય કક્ષાની સ્પર્ધા :** રાજ્ય કક્ષાએ જિલ્લા કક્ષામાંથી આવેલ પ્રથમ ક્રમના નિબંધો પૈકી ધોરણ ૬ થી ૮ અને ધોરણ ૯ થી ૧૦ તથા ધોરણ ૧૧ અને ૧૨ કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના નિબંધને પસંદ કરવાના રહેશે.

**વક્તૃત્વ સ્પર્ધા માટે નીચે મુજબની યોજના અનુસરવાની રહેશે.**

g. **શાળા કક્ષાની સ્પર્ધા :** સર્વ પ્રથમ શાળા કક્ષાએ શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે. શાળા કક્ષાએ વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિદ્યાર્થીઓને પસંદ કરવાના રહેશે અને તે પૈકી માત્ર ધોરણ ૬ થી ૮ કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા વિદ્યાર્થી ક્લસ્ટર કક્ષાએ યોજવામાં આવનાર વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લેશે જ્યારે ધોરણ ૯ થી ૧૦ તથા ધોરણ ૧૧ અને ૧૨ કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા વિદ્યાર્થી ક્યુ.ડી.સી. કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે

h. **ક્લસ્ટર / ક્યુ.ડી.સી. કક્ષાની સ્પર્ધા :** ક્લસ્ટર / ક્યુ.ડી.સી. કક્ષાએ શાળાઓના પ્રથમ ક્રમના વિજેતા વિદ્યાર્થી વચ્ચે શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવશે જેમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિદ્યાર્થીઓને પસંદ કરવાના રહેશે. સદર સ્પર્ધામાં ધોરણ ૬ થી ૮ અને ધોરણ ૯ થી ૧૦ તથા ધોરણ ૧૧ અને ૧૨ કક્ષાએ પ્રથમ ક્રમે આવેલ વિદ્યાર્થી તાલુકા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

i. **તાલુકા / એસ.વી.એસ. કક્ષાની સ્પર્ધા :**તાલુકા કક્ષાએ ક્લસ્ટર /ક્યુ.ડી.સી.ના પ્રથમ ક્રમના વિજેતા વિદ્યાર્થી વચ્ચે શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવશે જેમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિદ્યાર્થીઓને પસંદ કરવાના રહેશે. સદર સ્પર્ધામાં ધોરણ ૬ થી ૮ અને ધોરણ ૯ થી ૧૦ તથા ધોરણ ૧૧ અને ૧૨ કક્ષાએ પ્રથમ ક્રમે આવેલ વિદ્યાર્થી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

j. **જિલ્લા કક્ષાની સ્પર્ધા :** જિલ્લા કક્ષાએ તાલુકા કક્ષાના પ્રથમ ક્રમના વિજેતા વિદ્યાર્થી વચ્ચે શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવશે જેમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિદ્યાર્થીઓને પસંદ કરવાના રહેશે. સદર સ્પર્ધામાં ધોરણ ૬ થી ૮ અને ધોરણ ૯ થી ૧૦ તથા ધોરણ ૧૧ અને ૧૨ કક્ષાએ પ્રથમ ક્રમે આવેલ વિદ્યાર્થી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

k. **રાજ્ય કક્ષાની સ્પર્ધા :**રાજ્ય કક્ષાએ જિલ્લા કક્ષાના પ્રથમ ક્રમના વિજેતા વિદ્યાર્થી વચ્ચે શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવશે જેમાંથી ધોરણ ૬ થી ૮ અને ધોરણ ૯ થી ૧૦ તથા ધોરણ ૧૧ અને ૧૨ કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિદ્યાર્થીઓને પસંદ કરવાના રહેશે.

<u>નિબંધ તથા વકતૃત્વ સ્પર્ધાના આયોજનની કામગીરી</u>

| કક્ષા | સ્થળ | સંકલનકર્તા |
|---|---|---|
| શાળા | શાળા | શાળાના આચાર્ય |
| ક્લસ્ટર/ક્યુ.ડી.સી. કક્ષાએ | સીઆરસી/કયુડીસેલ | સીઆરસી કો-ઓર્ડીનેટર/કયુડીસેલ કન્વીનર |
| તાલુકા કક્ષાએ | બીઆરસી/એસવીએસ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/બીઆરસી કો-ઓર્ડીનેટર/એસવીએસ કન્વીનર |
| જિલ્લા કક્ષાએ | ડાયટ | ડાયટ પ્રાચાર્ય/જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/જીલ્લા શિક્ષણાધિકારી |

આ બંને સ્પર્ધાઓ માટે પ્રત્યેક તબક્કે મૂલ્યાંકન સમિતિની રચના કરવાની રહેશે. મૂલ્યાંકન સમિતિના સભ્યોની પસંદગી માટે નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહેશે.

| કક્ષા | ધોરણ ૬ થી ૮ | ધોરણ ૯ થી ૧૨ |
|---|---|---|
| શાળા કક્ષાએ | શાળા આચાર્ય નક્કી કરશે.<br>ભાષા શિક્ષક, નિવૃત્ત શિક્ષક, ભાષાવિદ, સાહિત્યકારનો સમાવેશ કરવાનો રહેશે. | શાળા આચાર્ય નક્કી કરશે.<br>ભાષા શિક્ષક, નિવૃત્ત શિક્ષક, ભાષાવિદ, સાહિત્યકારનો સમાવેશ કરવાનો રહેશે. |
| ક્લસ્ટર/ક્યુ.ડી.સી. કક્ષાએ | સી.આર.સી. નક્કી કરશે.<br>ભાષા શિક્ષક, નિવૃત્ત શિક્ષક, ભાષાવિદ, સાહિત્યકારનો સમાવેશ કરવાનો રહેશે. | ક્યુ.ડી.સી. કો-ઓર્ડીનેટર નક્કી કરશે.<br>ભાષા શિક્ષક, નિવૃત્ત શિક્ષક, ભાષાવિદ, સાહિત્યકારનો સમાવેશ કરવાનો રહેશે. |
| તાલુકા કક્ષાએ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, અને બી.આર.સી. કો.ઓ. સાથે મળી નક્કી કરશે.<br>ભાષા શિક્ષક, નિવૃત્ત શિક્ષક, ભાષાવિદ, સાહિત્યકારનો સમાવેશ કરવાનો રહેશે. | એસ.વી.એસ.ના કન્વીનર નક્કી કરશે.<br>હાઇસ્કૂલના ભાષા શિક્ષક, નિવૃત્ત શિક્ષક, ભાષાવિદ, સાહિત્યકારનો સમાવેશ કરવાનો રહેશે. |
| જિલ્લા કક્ષાએ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી સાથે રહી નક્કી કરશે<br>જિલ્લાના અગ્રગણ્ય ભાષાવિદ, સાહિત્યકાર, લેખક તેમજ ડાયટના ભાષાના વ્યાખ્યાતાનો કમિટિમાં સમાવેશ કરવાનો રહેશે. | |
| રાજ્ય કક્ષાએ | નિયામકશ્રી, જીસીઇઆરટી નક્કી કરશે.<br>અગ્રગણ્ય ભાષાવિદ, સાહિત્યકાર, લેખકનો કમિટિમાં સમાવેશ કરવાનો રહેશે. | |

નિબંધ સ્પર્ધા માટે નીચે મુજબ ઇનામ આપવાના રહેશે.

| ક્રમ | વિગત | પ્રથમ ઇનામ (રૂ.) | દ્વિતીય ઇનામ (રૂ.) | તૃતીય ઇનામ (રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | ક્લસ્ટર કક્ષા (ધોરણ ૬ થી ૮) | 200 | 150 | 100 |
| ૨ | ક્યુડીસી કક્ષા (ધોરણ ૯ થી ૧૦) | 200 | 150 | 100 |
| 3 | ક્યુડીસી કક્ષા (ધોરણ ૧૧ થી ૧૨) | 200 | 150 | 100 |
| ૪ | તાલુકા કક્ષા (ધોરણ ૬ થી ૮) | 400 | 300 | 200 |
| ૫ | એસવીએસ કક્ષા (ધોરણ ૯થી ૧૦) | 400 | 300 | 200 |
| ૬ | એસ.વી.એસ.કક્ષા (ધોરણ ૧૧થી ૧૨) | 400 | 300 | 200 |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | જિલ્લા કક્ષા (ધોરણ ૬ થી ૮) | 800 | 600 | 400 |
| ૮ | જિલ્લા કક્ષા (ધોરણ ૯ થી ૧૦) | 800 | 600 | 400 |
| ૯ | જિલ્લા કક્ષા (ધોરણ ૧૧ થી ૧૨) | 800 | 600 | 400 |
| ૧૦ | રાજ્ય કક્ષા (ધોરણ ૬ થી ૮) | 10000 | 9000 | 8000 |
| ૧૧ | રાજ્ય કક્ષા (ધોરણ ૯ થી ૧૦) | 10000 | 9000 | 8000 |
| ૧૨ | રાજ્ય કક્ષા (ધોરણ ૧૧ થી ૧૨) | 10000 | 9000 | 8000 |
| | | | | |

વક્તૃત્વ સ્પર્ધા માટે નીચે મુજબ ઇનામ આપવાના રહેશે.

| ક્રમ | વિગત | પ્રથમ ઇનામ (રૂ.) | દ્વિતીય ઇનામ (રૂ.) | તૃતીય ઇનામ (રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | ક્લસ્ટર કક્ષા (ધોરણ ૬ થી ૮) | 200 | 150 | 100 |
| ૨ | ક્યુડીસી કક્ષા (ધોરણ ૯ થી ૧૦) | 200 | 150 | 100 |
| 3 | ક્યુડીસી કક્ષા (ધોરણ ૧૧ થી ૧૨) | 200 | 150 | 100 |
| ૪ | તાલુકા કક્ષા (ધોરણ ૬ થી ૮) | 400 | 300 | 200 |
| ૫ | એસવીએસ કક્ષા (ધોરણ ૯થી ૧૦) | 400 | 300 | 200 |
| ૬ | એસ.વી.એસ.કક્ષા (ધોરણ ૧૧થી ૧૨) | 400 | 300 | 200 |
| ૭ | જિલ્લા કક્ષા (ધોરણ ૬ થી ૮) | 800 | 600 | 400 |
| ૮ | જિલ્લા કક્ષા (ધોરણ ૯ થી ૧૦) | 800 | 600 | 400 |
| ૯ | જિલ્લા કક્ષા (ધોરણ ૧૧ થી ૧૨) | 800 | 600 | 400 |
| ૧૦ | રાજ્ય કક્ષા (ધોરણ ૬ થી ૮) | 10000 | 9000 | 8000 |
| ૧૧ | રાજ્ય કક્ષા (ધોરણ ૯ થી ૧૦) | 10000 | 9000 | 8000 |
| ૧૨ | રાજ્ય કક્ષા (ધોરણ ૧૧ થી ૧૨) | 10000 | 9000 | 8000 |
| | | | | |

<u>સામાન્ય સુચનાઓ--</u>

(૧) બંને સ્પર્ધાઓના નોડલ ઓફિસર તરીકે શ્રી એચ. એન. ચાવડા, પ્રોજેક્ટ ઓફિસર, જીસીઇઆરટીએ કામગીરી કરવાની રહેશે.

**(૨) સદર બંને સ્પર્ધાઓ માટે થનાર ખર્ચ નિયામકશ્રી અનુ. જાતિ કલ્યાણે કરવાનો રહેશે તથા આ રકમ નિયામકશ્રી અનુ. જાતિ કલ્યાણે જીસીઇઆરટીના હવાલે મૂકવાની રહેશે.**

(3) જિલ્લા કક્ષાથી લઇને સીઆરસી/ક્યુ.ડી.સી. કક્ષા સુધીના ઇનામ વિતરણ માટે ડાયટ મારફતે ગ્રાંટનું વિતરણ કરવાનું રહેશે.

(૪) આ સ્પર્ધાઓ અંગેની જરુરી સૂચનાઓ અને નિયમો જીસીઇઆરટી દ્વારા આપવામાં આવશે તેમજ

જરૂર જણાયે સ્પર્ધાઓના ફોરમેટમાં ફેરફાર કરવાની સત્તા જીસીઇઆરટીને રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એન.બ્રહ્મભટ્ટ)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

માન.રા.ક.મંત્રીશ્રી, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ,સચિવાલય,ગાંધીનગર.

માન.રા.ક.મંત્રીશ્રી, (પ્રા.અને ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

અ.મુ.સચિવશ્રી, શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

અગ્રાસચિવશ્રી,(ઉચ્ચ અને ટેકનીકલ) શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

અ.મુ.સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, જુના સચિવાલય,ગાંધીનગર.

સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, જુના સચિવાલય,ગાંધીનગર.

નિયામકશ્રી, પ્રાથમિક શિશક્ષણ, જુના સચિવાલય,ગાંધીનગર.

નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર.

શ્રી એચ.એન.ચાવડા, પ્રોજેકટ ઓફીસર, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર.

નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર.

પ્રાચાર્યશ્રી, જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તમામ (મારફત નિયામકશ્રી, જીસીઇઆરટી)

જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ(મારફત પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી)

જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (તમામ) (મારફત પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી)

શાસનાધિકારીશ્રી (તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)

એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે તિજારી અધિકારીશ્રી, ગાંધીનગર.

નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર.

સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)

કોમ્પયુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર જી-સ્વાન પર મુકવા સારુ)

સિલેકટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.